## સ્વાધ્યાય 5.2

**1. નીચેના દરેક વિધાનમાં જે ગુણધર્મનો ઉપયોગ થાય તે જણાવો :**




**(i) જો $a \parallel b$, તો $\angle 1 = \angle 5$**

જ. જો બે સમાંતર રેખાઓને એક છેદિકા છેદે તો અનુકોણની પ્રત્યેક જોડના ખૂણાનું માપ સમાન હોય છે.

**(ii) જો $\angle 4 = \angle 6$ , તો $a \parallel b$**

જ. જ્યારે એક છેદિકાબે રેખાને  છેદે છે ત્યારે જો અંત:યુગ્મકોણ સમાન હોય તો તે બે રેખા સમાંતર હોય.

**(iii) જો $\angle 4 + \angle 5 = 180°$ , તો $a \parallel b$**

જ. જ્યારે એક છેદિકાબે રેખાને  છેદે છે ત્યારે જો છેદિકાની એક બાજુના અંત:કોણ પૂરકકોણ તો તે બે રેખા સમાંતર હોય.

**2. આકૃતિમાંથી કહો :**




**(i) અનુકોણની જોડ**

જ. $\angle 1$ , $\angle 5$ ; $\angle 2$ , $\angle 6$ ; $\angle 4$ , $\angle 8$ અને $\angle 3$ , $\angle 7$

**(ii) અંત:યુગ્મકોણની જોડ**

જ. $\angle 3$ , $\angle 5$ અને $\angle 2$ , $\angle 8$

**(iii) છેદિકાની એક બાજુના અંત:કોણની જોડો**

જ. $\angle 3$ , $\angle 8$ અને $\angle 2$ , $\angle 5$

**(iv) અભિકોણ**

**જ.** $\angle 1$ , $\angle 3$ ; $\angle 2$ , $\angle 4$ ; $\angle 6$ , $\angle 8$ અને $\angle 5$ , $\angle 7$

**3. આકૃતિમાં $p \parallel q$ છે. અજ્ઞાત ખૂણાઓ શોધો :**




**જ.** $p \parallel q$ ને છેદિકા છેદે છે.

125° અને $\angle e$ એ રૈખિક જોડના ખૂણા છે.

$\therefore\ 125° + e = 180°$

$\therefore\ e = 180° - 125°$

$\therefore\ e = 55°$

$\angle e$ અને $\angle f$ એ અભિકોણની જોડના ખૂણા છે.

$\therefore\ e = f = 55°$

$\angle a$ અને $\angle f$ એ અંતઃયુગ્મકોણની જોડના ખૂણા છે.

$\therefore\ a = f = 55°$

$\angle a$ અને $\angle b$ એ રૈખિક જોડના ખૂણા છે.

$\therefore\ a + b = 180°$

$\therefore\ 55° + b = 180°$

$\therefore\ b = 180° - 55°$

$\therefore\ b = 125°$

$\angle a$ અને $\angle c$ એ અભિકોણની જોડના ખૂણા છે.

$\therefore\ a = c = 55°$

$\angle b$ અને $\angle d$ એ અભિકોણની જોડના ખૂણા છે.

$\therefore\ b = d = 125°$

તેથી, $a = 55°, b = 125°$ , $c = 55°, d = 125°, e = 55°, f = 55°$

4. **જો $l \parallel m$ હોય તો નીચેની દરેક આકૃતિમાં $x$ નું મૂલ્ય શોધો.**

(i)




જ. $l \parallel m$ છે તથા $t$ છેદિકા છે.

$\angle 110°$ અને $\angle x$ એ છેદિકાની બે બાજુના અભિકોણની જોડના ખૂણા છે તેથી પૂરક હોય છે.

$\therefore\ 110° + x = 180°$

$\therefore\ x = 180° - 110°$

$\therefore\ x = 70°$

(ii)




જ. $l \parallel m$ છે તથા $a \parallel b$ છે.

$\angle 100°$ અને $\angle x$ એ અનુકોણની જોડ છે.

$\therefore\ x = 100°$

5. **આકૃતિમાં બંને ખૂણાની જોડ સમાંતર છે. જો $\angle \mathbf{ABC} = \mathbf{70°}$ તો,**




(i) $\angle$**DGC**

જ. $\angle$ABC અને $\angle$DGC એ અનુકોણની જોડ છે.

$\therefore \angle \text{DGC} = 70°$

(ii) $\angle$**DEF**

$\angle DGC$ અને $\angle DEF$ એ અનુકોણની જોડ છે.

$\therefore \angle DEF = 70°$

6. **નીચેની આકૃતિઓમાં $l$ અને $m$ સમાંતર છે કે નહિ તે નક્કી કરો.**

(i)




અહીં $126° + 44° = 170°$

અહીં છેદિકાની એક બાજુના અંત;યુગ્મકોણની જોડ પૂરક નથી.

$\therefore\ l \nparallel m$

(ii)




જ. અહીં $75° + 75° = 150°$

અહીં છેદિકાની બે બાજુના અંત:યુગ્મકોણની જોડ પૂરક નથી.

$\therefore\ l \nparallel m$

(iii)




જ. અહીં $123° + 57° = 180°$

અહીં છેદિકાની બે બાજુના અંત:યુગ્મકોણની જોડ પૂરક છે.

$\therefore\ l \parallel m$

(iv)




જ. અહીં $72° + 98° = 170°$

અહીં છેદિકાની બે બાજુના અંતઃયુગ્મકોણની જોડ પૂરક નથી.

$\therefore\ l \nparallel m$